## હરિની દ્રષ્ટિ...
- હરિન ભટ્ટ



એલ.પી.જીનાં ભાવ વધ્યા તેના કરતા જીએસટીની આવક વધી તે મુદ્દા ઊપર મને પુછો...!!

# સેકટર-૩૦ ડમ્પીંગ સાઈટમાં ભભુકેલી આગ : ભારે જહેમત બાદ કાબુમાં આવી



## અઠવાડીયમાં ડમ્પીંગ સાઈટ પર બીજીવાર આગ લાગી

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર શહેરની ડમ્પીંગ સાઈટમાં ફરીવાર આજે વહેલી સવારે આગ ભભુકી ઉઠી હતી. ડમ્પીંગ સાઈટ પર આગ કયાં કારણોસર લાગે છે કે લગાડવામાં આવે છે તે પણ તપાસનો વિષય છે. છેલ્લા પાંચ દિવસમાં બીજીવાર આગની ઘટના સામે આવી છે. ત્યારે બનાવની જાણ થતા ફાયર જવાનોએ તાત્કાલીક ડમ્પીંગ સાઈટ પહોંચી પાણીનો મારો ચલાવી ભાહે જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો.

મળતી વિગત મુજબ સેકટર-૩૦ ડમ્પીંગ સાઈટ પર કચરો એકઠો કરી તેમાંથી ખાતર બનાવવાની પ્રવૃતિ ચાલી રહી છે. જીઈબીની રાખ (એશ) અને કચરાની દુર્ગંધ એટલી તીવ્ર આવે છે કે સ્થાનિક નાગરીકો ત્રાહીમામ પોંકારી ઉઠ્યા છે. ડમ્પીંગ સાઈટ પર લાગેલી આગના ગોટેગોટા દુર દુર સુધી જોવા મળતા હતા. ત્યારે પાંચ દિવસ પહેલા પણ ડમ્પીંગ સાઈટ પર આગ લાગી હતી. ત્યારે આજે સવારે ફરીવાર આગ ભભુકી ઉઠતા તંત્રના અધિકારીઓ દોડતા થઈ ગયા હતા. બનાવની જાણ થતા ફાયર ટીમના જવાનો આવી પહોંચ્યા હતા.

તેઓએ તાત્કાલીક પાણીનો મારો ચલાવી આગ પર ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવી લીધો હતો. જયારે આગને વધુ પ્રસરતા અટકાવી દીધી હતી.શહેરમાં વાયુ પ્રદુષણ અને દુર્ગંધને પગલે જુના સેકટરોમાં રહીશોની હાલત કફોડી બની જવા પામી છે.

ત્યારે ઉનાળાની આકરી ગરમીનો પગલે પ્રારંભિક તબબક્કામાં આગના બનાવ સામે આવી રહ્યા છે.

## સે-૮ માં કોસ્ટગાર્ડના મહિલા અધિકારીના ઘરમાંથી ચોરી

ગાંધીનગર, તા.૨

શહેરના વીવીઆઈપી સેકટર-૮ માં કોસ્ટગાર્ડના મહિલા અધિકારીના બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવ્યું છે. મકાનનું તાળુ તોડી અંદર પ્રવેશી સામાન વેર વિખેર કરી રૂમમાંથી ચોરી કરી પલાયન થઈ ગયા છે. પરંતુ કોસ્ટગાર્ડના મહિલા કામઅર્થે બહાર હોવાથી હાલ કેટલા રૂપીયાની ચોરી થઈ છે તે અંગે જાણી શકાયુ નથી. સેકટર-૭ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૧૩ એ પ્લોટ નં.૯૫૯-૨ ખાતે રહેતા રાજકુમાર હઠીસિંહ બહોત ઉદ્યોગભવન ખાતે કોસ્ટગાર્ડ ગાંધીનગર (રીજનલ એડમીન એન્ડ પર્સનલ ઓફિસ)ખાતે એસઓઆઈસી (સબોર્ડિનેટ ઓફિસર ઈન્ચાર્જ) તરીકે ફરજ બજાવે છે. જયારે તેઓના ઈન્ચાર્જ તરીકે કમાન્ડેડ રૂચી પ્રિયા છે. જે સેકટર-૮ પ્લોટ નં.૬૧૭ ખાતે ભાડે થી રહે છે. ગતરોજ સવારે રાજકુમાર બાર વાગ્યાના અરસામાં તેઓ નોકરી પર હાજર હતા.તે સમયે તેમની ઉપર ઈન્ચાર્જ ઓફિસર રૂચી પ્રિયાજીનો ફોન આવ્યો હતો અને જણાવ્યું કે મારા ગાંધીનગર સેકટર-૮ માં આવેલા ઘરેથી કામવાળા બહેનનો ફોન આવ્યો હતો. તમારા મકાનનું તાળુ કોઈ ચોર શખ્સે તોડી નાંખ્યું છે. જેથી તમે ચેક કરાવો જેને પગલે તેઓએ અભિમન્યું અને રાજવીરસિંહ ને તેઓના ઘરે તપાસ માટે મોકલ્યા હતા. જેથી તેઓએ તપાસ કરીને રૂચી પ્રિયાજીને ઘરના દરવાજાનું તાળુ તોડી કોઈ ચોર શખ્સ મકાનની અંદર પ્રવેશ કરી અંદરના રૂમનો સામાન વેર વિખેર કરી નાંખી ચોર શખ્સો ચોરી કરી પલાયન થઈ ગયા છે.

હાલ ઉદ્યોગ ભવન ખાતે કોસ્ટગાર્ડની આવેલી ઓફિસ ખાતે ફરજ બજાવતા મહિલા અધિકારી વતન ખાતે રજા પર હોવાથી ઘરમાંથી કેટલાની ચોરી થવા પામી છે. તે અંગે જાણી શકાયું નથી. ગાંધીનગર ખાતે મહિલા અધિકારી વતનથી આવશે.

ત્યારબાદ ચોરીનો સાચો આંકડો જાણી શકાશે. હાલ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી ઘરફોડ ચોરીના કિસ્સાનું પ્રમાણ ખુબ જ વધી જવા પામ્યું છે.

## કડી સર્વ વિશ્વવિદ્યાલયના એન.એસ.એસ વિભાગ દ્વારા 'ટ્રાફિક અવેરનેસ અને રોડ સેફટી' સંદર્ભે વર્કશોપ

ગાંધીનગર, તા.૨

કડી સર્વ વિશ્વવિદ્યાલયના એન.એસ.એસ વિભાગ દ્વારા ટ્રાફિક અવેરનેસ અને રોડ સેફટી બાબતે જાગૃતિ ફેલાવવા અંગે એક સિરીઝ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે.

જેમાં યુનિવર્સિટીની અલગ-અલગ કોલેજ માટે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવા માટે ગુજરાત રોડ સેફટી ઓથોરિટીના કમિશનર એલ. પી પાડલીયા તેમજ રિજનલ એન્ફોર્સમેન્ટ ઓફિસર યુ.કે પટેલ ઉપસ્થિત રહ્યા હતા. જેઓએ વિદ્યાર્થીઓને ઉપરોક્ત વિષય પર વિડીયો તેમજ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન સાથે માર્ગદર્શન આપ્યું હતું. સમગ્ર કાર્યક્રમમાં સંસ્થાની સી.એમ પટેલ કોલેજ ઓફ નર્સીંગના વિદ્યાર્થીઓને વિ-હમ સોશિયલ સેલ્ફ ગ્રુપના ફાઉન્ડર પારૂલબેન શર્માના હસ્તે ત્રણ વિદ્યાર્થીઓને હેલ્મેટથી સન્માનિત કરવામાં આવ્યા હતા. હેલ્મેટ પહેરવા અને નિયમોનું પાલન કરવા પોતે પણ જાગૃત બનશે અને બીજાને પણ બનાવશે તે અંગે તેમને સન્માનિત કરાયા હતા. જ્યારે કુલ ૧૦ વિદ્યાર્થીઓને બુક આપી ટ્રાફિકના નિયમોની સમજ અન્ય સુધી પહોંચાડવા ઉત્સાહિત કર્યા હતા


આયુર્વેદ હોસ્પિટલ, સેક્ટર-૨૨ના પરિસરમાં ઘણા વૃક્ષો ઉછેરવામાં આવ્યા છે. હાલમાં આ વૃક્ષોમાં પાંદડા ખરતા પાંદડાઓને એકત્ર કરી તેને બાળવામાં આવ્યા હતા પરંતુ આ કચરાની આગે આસપાસના વૃક્ષોને પણ અડફેટે લઈ લેતા લીલાં વૃક્ષો પણ બળવા લાગ્યા હતા. માંડ માંડ આગ પર કાબુ મેળવાયો હતો.

### ખૂણેખાંચરેથી

● ગાંધીનગર જિલ્લા કલેકટરશ્રીના અધ્યક્ષપદે આજે બોર્ડની આગામી પરીક્ષાના સુચારૂ સંચાલન માટે ઉચ્ચસ્તરીય બેઠક યોજાશે.

● ગાંધીનગર જિલ્લા કલેકટરશ્રીના અધ્યક્ષપદે સુજલામ સુફલામ-૩ની સમીક્ષા બેઠક શુક્રવારે યોજાશે.

● આજે સતત બીજે દિવસે ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોના પ્રિકોશન ડોઝ અભિયાનમાં એક પણ લાભાર્થી આવ્યો જ નથી.

● ગાંધીનગરના ચિલોડા ખાતે એ.ડી.સી. બેંક અને રેડક્રોસ સોસાયટીના સંયુક્ત ઉપક્રમે મહિલાઓ માટે નિઃશુલ્ક સીબીસી ટેસ્ટ કેમ્પ યોજાયો હતો.

● દહેગામના ઉત્કંઠેશ્વર મહાદેવ રોડ પર ટ્રક પલ્ટી ખાઈ જતાં અકસ્માત થયો છે. જો કે આ અકસ્માતમાં ડ્રાયવરનો બચાવ થયો છે કોઈ જાનહાનિ થઈ નથી.

● દહેગામ પાસે ડમ્પરની પાછળ બાઈક ઘુસી જવા પામ્યુ છે જો કે બાઈકચાલકનો આબાદ બચાવ થયો છે.

● સાદરા-અલુવા પુલના કામનો આરંભ થયો છે.

● દહેગામ પાસે અકસ્માતમાં નાંદોલના બાઈકસવારનું મોત થયુ છે.

● દહેગામ તરફ બટાટા ભરી આવી રહેલ ટ્રેક્ટર પલ્ટી જતાં નાની ઝેર ગામના યુવાનનું મોત થયુ છે.

● દહેગામ મામલતદાર કચેરીમાં પાણી ગાયબ થતાં ગંદકીના ઢગ ખડકાયા છે.

● દહેગામ એ.ડી.સી. બેંકમાં પૈસા ચોરી કરતાં એક બાળક રંગેહાથ ઝડપાઈ જવા પામેલ છે.

● ગુજરાત પ્રદેશ ભાજપ બક્ષીપંચ મોરચાના પ્રમુખ તરીકે મયંકભાઈ નાયકની નિમણુંક કરવામાં આવી છે.

● સમર્પણ પબ્લીક સ્કૂલમાં વિજ્ઞાન દિવસની ઉજવણી કરાઈ છે.

● કેન્દ્રીય વિદ્યાલય ખાતે રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી કરાઈ છે.

● સે. ૩૦ની સરકારી પ્રા. શાળામાં વિજ્ઞાન દિવસની ઉજવણી કરાઈ હતી.

● જિલ્લા ભૂસ્તરતંત્રએ ૨૮-૨-૨૨ સુધીમાં ૩૪૦ થી વધુ રેતી ચોરીના કેસ પકડી પાડ્યા છે.

### પેથાપુર સાડી ચોરીનો ભેદ ઉકેલાયો

## પોલીસે રીક્ષા સાથે મહિલા સહિત ત્રણ આરોપીને પકડી પાડી રૂ.૮૦ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો



ગાંધીનગર, તા.૨

પેથાપુર પોલીસ મથક વિસ્તારમાં થયેલી સાડી ચોરીનો ભેદ ઉકેલી દીધો છે. ચોરીમાં ગયેલી સાડી પૈકી ૨૫ સાડીઓ ચોરીના મુદ્દામાલ સાથે ત્રણ આરોપીને પકડી પાડી રૂ.૮૦ હજારનો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ પેથાપુર પોલીસ મથકના સર્વેલન્સ સ્ટાફના જવાનો પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન પોલીસને ખાનગી રાહે બાતમી મળી હતી કે પેથાપુર પોલીસ મથકે નોંધાયેલા ગુનામાં ઉપયોગમાં લેવાયેલી રીક્ષા નં. જી.જે.૧૮.બી.વાય.-૨૩૯૨ લઈને ક-૭ થી રાંધેજા તરફથી પસાર થવાના છે. જેને પગલે પોલીસે ઘુંઘટ હોટલ ફાટક નજીક વોચમાં હતા. તે દરમિયાન રીક્ષા નં. જી.જે.૧૮.બી.વાય.-૨૩૯૨ ની સાથે અરૂણભાઈ પરશીભાઈ લાઉડન (ઉં.૪૬ રહે.બંગલા એરચીા શનિભાઈના મકાનમાં ભાડેથી કુબેરનગર અમદાવાદ), નિશાંત ઉર્ફે કાના સતિષ બાટુંગે (ઉં.૪૦ રહે કુબેરનગર, સીંગલચાલી), ૬૦ વર્ષિય મહિલા (રહે કુબેરનગર છારાનગર) ચોરીમાં ગયેલ મુદ્દામાલ મળી આવ્યો હતો. ત્રણેયની પોલીસે અટકાયત કરી સાડીઓ પૈકી કુલ નંગ-૨૫ કિં.૩૦ હજાર તેમજ રીક્ષા કિં.૫૦ હજાર મળી કુલ રૂ.૮૦ હજારનો મુદ્દામાલ કબ્જે કરી ચોરીનો ભેદ ઉકેલી આગળની તપાસ હાથ ધરી છે.

## IAR યુનિવર્સિટી ગાંધીનગર ખાતે વાર્ષિક રીસર્ચ અને ઈનોવેશન કોન્કલેવનું આયોજન કરાયું

ગાંધીનગર,તા.૦૨

તારીખ ૨૭ અને ૨૮મી ફેબ્રુઆરી ૨૦૨૩ ના રોજ, IAR યુનિવર્સિટી ખાતે દ્વિદિવસીય વાર્ષિક રીસર્ચ અને ઈનોવેશન કોન્કલેવ નું આયોજન કરવામા આવ્યું હતું. જેમાં એક્ટીંગ પ્રોવોસ્ટ




અને ડીન એકેડેમિક , રજીસ્ટ્રાર, યુનિવર્સિટીનાં તમામ વિદ્યાર્થીઓ, ફેકલ્ટી અને રિસર્ચ સ્કોલર્સે ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં પ્રથમ દિવસે સેંટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાતના વાઈસ ચાન્સેલર માનનીય પ્રોફેસર રમાશંકર દુબે સાહેબના હસ્તે રિસર્ચ કોન્કલેવનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. સાહેબનું સ્વાગત ડીન રીસર્ચ અને ઈનોવેશન પ્રો. આનંદ તિવારી દ્વારા કરવામાં આવ્યુ હતુ, પ્રોફેસર રામશંકર દુબે સાહેબે નેશનલ એજ્યુકેશન પોલીસી-૨૦૨૦ પર પોતાના વિચારો રજુ કર્યા હતા. વધુમાં તેઓએ વિદ્યાર્થીઓ તથા શિક્ષકોને નવી શિક્ષણનિતી તથા રીસર્ચને ગુણવત્તા, એથિક્સ, ઈમ્પેક્ટ ફેક્ટર, Q-1 થી Q-5 ની સાથેસાથે ભારતના પ્રાચીન સંશોધનને લગતા વારસાને ઉજાગર કર્યો હતો. ઉપરોક્ત કોન્કલેવમાં યુનિવર્સિટીના કુલ ૧૭ ફેકલ્ટી, ૧૦ પી.એચ.ડી વિદ્યાર્થીઓ, ૦૪ સ્નાતક વિદ્યાર્થીઓ તથા ૪૮ પોસ્ટર પ્રેઝંટેશન અને અન્ય સંશોધંકર્તા મળીને ૭૯ લોકોએ પોતાના રીસર્ચ પેપર રજુ કર્યા તથા પોતાના વિચારો પ્રગટ કર્યા હતા.આ કોન્કલેવમાં ફેકલ્ટી, વિદ્યાર્થીઓ તથા અન્ય સંશોધનકર્તા મળીને કુલ ૩૫૦ થી વધારે લોકોએ ભાગ લીધો હતો અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. કોન્કલેના સમાપન દિવસે જીય્યુનિવર્સિટી, ગુરુગ્રામના પ્રોવોસ્ટ અને લાઈફ સાયન્સ વિભાગના પ્રોફેસર મદન મોહન ચતુર્વેદી સાહેબ હાજર રહ્યા હતા તેમનુ પણ સ્વાગત ડીન રીસર્ચ અને ઈનોવેશન પ્રો. આનંદ તિવારી દ્વારા કરવામાં આવ્યુ હતુ.


મા નો સ્નેહ અપાર, અતુલ્ય અને હંમેશા અમૂલ્ય હોય છે. વિપરીત પરિસ્થિતિઓમાં તો મા નો સ્નેહ વધુ ઝળકે છે. ઘરના બે છેડા ભેગા કરવા માટે સવારે કામે નીકળતી માતાને સૌથી પહેલી ચિંતા પોતાના બાળકની થાય છે. જો બાળકની સંભાળ માટે ઘરે કોઈ ન હોય તો માતા બાળકને સાથે લઈને જ કામ પર નીકળી જાય છે. શહેરને સ્વચ્છ રાખતી સફાઈકર્મી મહિલાઓ ગમે તે ઋતુમાં અને વિપરીત પરિસ્થિતિઓમાં સતત કાર્ય કરે છે. સાથે જ તેમના બાળકો પણ વિપરીત પરિસ્થિતિઓનો સામનો કરતા રહે છે. માતા કામ કરે ત્યારે બાળક આસપાસ રમતુ રહે છે અને થાક લાગે તો કચરો ભરવાની ગાડીમાં જ આરામ પણ કરી લે છે. આવા બાળકોને સાચવવાની અને સંભાળવાની કોઈ વ્યવસ્થા ન હોવાથી ના છૂટકે બાળકોને વિપરીત પરિસ્થિતિનો સામનો કરવો પડે છે.

## પ્રાકૃતિક ડાંગ અભિયાનને સફળ બનાવી દેશ માટે પ્રેરણારૂપ બનીએ : રાજયપાલ

### આહવા ખાતે પાંચ દિવસીય ડાંગ દરબારના ભાતીગળ લોકમેળાનો દબદબાભેર પ્રારંભ

ગાંધીનગર,તા.૦૨

અંગ્રેજોની આધિનતા નહીં સ્વિકારનારા ડાંગના રાજવીઓની શૌર્યગાથાનો ઉલ્લેખ કરીને, રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ડાંગ દરબારના ઐતિહાસિક મહોત્સવમાં પધારેલા દેશ-વિદેશના મહાનુભાવોનું સ્વાગત કર્યુ હતું. ડાંગ દરબારના ઐતિહાસિક કાર્યક્રમનું ઉદ્ઘાટન કરતાં રાજ્યપાલશ્રીએ આદિવાસી સમાજની જીવનશૈલી, તેમનો પ્રકૃત્તિપ્રેમ, કલા વારસો વિગેરેને જાણવાનો અને માણવાનો અણમોલ અવસર પુરો પાડતા ડાંગ દરબારની ઐતિહાસિક પૃષ્ઠભૂમિનો ઉલ્લેખ કર્યો હતો. રાજા-રજવાડાઓની માતૃભૂમિ પ્રત્યેની, દેશભક્તિની અપ્રતિમ ચાહનાને યાદ કરતા ડાંગ જિલ્લાના આ ઐતિહાસિક મહોત્સવને કારણે દેશની શૂરવીરતા, શૌર્યગાથા અને આદિવાસી ગૌરવને જાણવાનો અવસર પ્રદાન થાય છે તેમ પણ નામદાર રાજ્યપાલશ્રીએ ઉમેર્યુ હતુ. રાજ્યપાલશ્રીએ દેશના રાષ્ટ્રપતિપદ



ઉપર માન. દ્રૌપદી મુર્મુજીની નિયુક્તિ દેશના આદિવાસી સમાજનું ગૌરવ છે તેમ કહ્યું હતું. ડાંગના રાજવીઓની ઉચ્ચત્તમ દેશભક્તિની ભાવનાને પ્રણામ કરી રાજ્યપાલશ્રીએ આદિવાસી પ્રદેશના વિકાસમાં તેમના યોગદાનની નોંધ લઈ આ પ્રદેશના લોકો પણ હવે વિકાસની મુખ્યધારામાં જોડાઈ રહ્યા છે તેમ જણાવ્યું હતું. પ્રાકૃતિક જિલ્લાનું સન્માન પ્રાપ્ત કર્યા બાદ ડાંગ જિલ્લાના લોકો અને વિશેષ કરીને અહીનાં ધરતીપુત્રોની જવાબદારી પણ વધી જાય છે તેમ તેમણે ઉમેર્યું હતું. જિલ્લાના પ્રજાજનોના સર્વાંગીણ વિકાસ માટે સહયોગી બનવાની અપીલ કરી હતી. પ્રાકૃતિક ખેતીનો મહિમા વર્ણવતા રાજ્યપાલશ્રીએ પ્રાકૃતિક જીવનશૈલીને વરેલા ડાંગીજનો સામે વિશ્વના લોકો આશાભરી મીટ માંડી રહ્યા છે તેમ જણાવ્યું હતું. વડાપ્રધાનશ્રીના સ્વપ્ર અનુસાર આખા દેશમા ઝેરમુક્ત ખેતી થાય તે દિશામાં સૌને સહિયારા પ્રયાસો કરવાની હિમાયત પણ રાજ્યપાલશ્રીએ કરી હતી.

## સાંઈમાં કોચને સ્પોર્ટસમેને ગડદાપાટુનો માર માર્યો

ગાંધીનગર,તા.૦૨

સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડીયા સેકટર-૧૫ ગાંધીનગર ઈ-લાઈટ હોસ્ટેલ ખાતે સામાન્ય બાબતે માથાકુટ થતા ખેલાડીએ કોચ સાથે ગાળાગાળી કરી ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપતા મામલો સેકટર-૭ પોલીસ મથકે પહોંચ્યો છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૨૩ બ્લોક નં.૬૮-૧ ઘ ટાઈપ ખાતે રહેતા સુનિલ અજીતસિંગ તનવર છેલ્લા પાંચ વર્ષથી રહે છે. જયારે પેરા એથ્લેટીકસના કોચ તરીકે ફરજ બજાવે છે. નેશનલ સેન્ટ્રો ઓફ એકસીલન્સી દ્વારા ઉંચા કુદકામાં સિલેકશન થયેલા ખેલાડી રામપાલ વેદસીંગ સેકટર-૧૫ સ્પોર્ટસ આથોરીટી ઓફ ઈન્ડીયામાં સ્પોર્ટસ મેન તરીકે પ્રેકટીસ કરે છે.ગતરોજ સવારે સેકટર-૧૫ સાંઈમાં કોચ રાઉન્ડમાં નીકળ્યા હતા. તે સમયે સવારના અગીયાર વાગે હાઈ જમ્પનો ખેલાડી રામપાલ વેદસીંગ કોચને કહેવા લાગ્યો કે તમારી પાસે બેગમાં ડોક્યુમેન્ટ છે તે મને બતાવો. જેથી ડિપાર્ટમેન્ટના ડોક્યુમેન્ટ હોવાથી તેને ના પાડી હતી. ત્યારબાદ કોચ ત્યાંથી નીકળી ગયા હતા. પરંતુ ખેલાડી રામપાલ વેદસીંગ તેમની પાછળ પાછળ જતો હતો. તે સમયે કોચને રોકીને ખેલાડીએ બોલાચાલી કરી અસભ્ય વર્તન કરી એકદમ ઉશ્કેરાઈ જઈને કોચને ગડદાપાટુનો માર માર્યો હતો. સાંઈમાં હોહા થતા સિક્યુરીટી ગાર્ડ અને પેરા એથ્લેટીકસના કોચ આવી જઈને વધુ મારમાંથી છોડાવ્યો હતો. ત્યારબાદ પણ સ્પોર્ટસ મેન રામપાલ વેદસીંગ જતાજતા મને ડોક્યુમેન્ટ નહી બતાવીશ તો તને જાનથી મારી નાંખીશ તેવી ધમકી આપતા કોચ દ્વારા સ્પોર્ટસ મેન સામે પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

### વિજ્ઞાન ગુર્જરી દ્વારા આયોજિત

## વિજ્ઞાન સંમેલનમાં ભારતીય સંસ્કૃતિમાં રહેલા વિજ્ઞાન અંગેની ગોષ્ઠી યોજાઈ

ગાંધીનગર, તા. ૨

વિજ્ઞાન ગુર્જરી દ્વારા ગુજરાત વિજ્ઞાન સંમેલન ૨૦૨૩ (જીવીએસ-૨૦૨૩)નું તા. ૧૫ થી ૨૮ ફેબ્રુઆરી-૨૦૨૩ દરમિયાન વિવિધ કાર્યક્રમો જેવા કે ૧૦ જેટલી ઓનલાઈન સ્પર્ધા, વિજ્ઞાન વર્કશોપ, કોન્ફરન્સ તથા વિજ્ઞાન ગુર્જરી વિક્રમ સારાભાઈ બેસ્ટ પીએચડી થીસીસ, પુસ્તક તુલા જેવા કાર્યક્રમો થયા. તા. ૨૮ ફેબ્રુઆરીના રોજ સમાપન તથા પુરસ્કાર વિતરણ સાલના ઓડિટોરિયમ હોલમાં અમદાવાદ ખાતે કરવામાં આવ્યું. જેમાં સવિશેષ મહેમાનો સદ્ગુરૂ શાસ્ત્રી માધવપ્રિયદાસ સ્વામીજી, અધ્યક્ષ, એસજીવીપી, શૈલેષભાઈ પટેલ, કાર્યવાહ, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ, વિવેકાનંદ પાઈ, સચિવ, વિભા, ડૉ. વિદ્યાધર વૈદ્ય, પ્રોફ. ચૈતન્ય જોષી, વિજ્ઞાન ગુર્જરીના અધ્યક્ષાની ઉપસ્થિતિમાં રહીને આ પ્રાસંગિક વકત્વ્યો રજૂ કર્યા હતા. ગુજરાતભરમાંથી આવેલ રિસર્ચર, શિક્ષણવિદો, વૈજ્ઞાનિકો, સમાજના આગેવાનો, વિદ્યાર્થીઓની ૭૫૦થી વધારે ઉપસ્થિતી રહી હતી. આ કાર્યક્રમમાં અલગ અલગ પ્રતિયોગિતામાં ૮૦ થી વધારે વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ કરવામાં આવ્યું. તથા વિજ્ઞાનના કાર્યક્રમોમાં મદદરૂપ કરતી વિવિધ શાળા, કોલેજ, યુનિવર્સિટીને પણ એવોર્ડ આપીને સન્માન કરવામાં આવ્યું. જેમાં સાતેજ સરકારી પ્રાથમિક શાળા, GTU, SSIT Bhat જેવી સંસ્થાઓને એવોર્ડ અપાયા હતા. તથા વિજ્ઞાન ગુર્જરી વિક્રમ સારાભાઈ બેસ્ટ પીએડી થીસીસ એવોર્ડ દ્વારા શ્રેષ્ઠ સમાજ ઉપયોગી સંશોધનના કાર્યને પણ પ્રોત્સાહિત કરવામાં આવ્યું. જેમાં ઈનામની રકમ ૩૦,૦૦૦, ૨૦,૦૦૦ અને ૧૫૦૦૦ એવોર્ડ વિજેતાઓને આપવામાં આવ્યા હતા. વિજ્ઞાન ગુર્જરીના પ્રમુખ ચૈતન્ય જોષી, વિદ્યાધર વૈદ્યના માર્ગદર્શન હેઠળ જીગ્નેશભાઈ બોરીસાગરના સંકલનથી સમગ્ર આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સંસ્થાના ગુજરાતભરના અનેક કાર્યકરો રસપૂર્વક જોડાયા હતા.